ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૪.૧ ડીગ્રી
લઘુતમ : ૨૩.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૧૫ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં ઉનાળુ રાત્રિનો નજારો નયનરમ્ય






ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર અસહ્ય ગરમીની લપેટમાં છે ત્યારે નોકરીયાત અને ધંધાદારી વર્ગ સિવાય દિવસ દરમિયાન નાગરિકો ઘરમાં પુરાયેલા રહેવાનું પસંદ કરે છે. અંગ દઝાડતી ગરમીના લીધે દિવસ દરમિયાન બહાર જવાનું સલાહ ભર્યું નથી ત્યારે સુરજ આથમતા શહેરના જનજીવનમાં અનોખો ધમધમાટ જોવા મળે છે. વેકેશનની સાથે ગરમીની મોસમ નીખરતા રાત્રીની રોનક જોવાલાયક બની છે. સાંજ ઢળતા જ શહેરના શોપિંગ બજારો અને જાહેર સ્થળો પર નાગરિકો ટહેલવા નીકળી પડે છે. દિવસની આકરી ગરમીથી ત્રસ્ત નગરજનો રાત્રે બરફગોળા, આઈસક્રીમ, ઠંડા પીણાનું સેવન કરી હાશકારો અનુભવે છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં રાત્રીના કિડીયારૂ ઉભરાય છે. ખુલ્લા આકાશ નીચે હરિયાળી લોનમાં ઠંડક માણવા ભીડ જામે છે. શહેરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનો, સ્વર્ણિમ પાર્ક તેમજ સર્કલ વિસ્તારમાં ઉનાળુ રાત્રિનો નજારો નયનરમ્ય બને છે.

વાતાવરણમાં ગરમી વધુ જ વર્તાઈ રહી છે. શહેરીજનો આક્રમક ગરમીથી હેરાન પરેશાન છે સાથે શાળા કોલેજોમાં વેકેશનનો માહોલ છે ત્યારે નગરજનો સાંજથી લઈ મોડી રાત સુધી ઘરની બહાર જોવા મળી રહ્યા છે. ગાંધીનગરમાં બનાવવામાં આવેલા સ્વર્ણિમ પાર્કમાં તો રાત્રે કીડીયારૂ ઉભરાવા જેવી પરિસ્થિતિ સર્જાય છે. સાથે સાથે સર્કલ વિસ્તાર, સેકટરોના બગીચા, વોક-વે, આઈસક્રીમ પાર્લરો, બરફ ગોળાની લારી, શેરડીના રસના કોલા તથા ખાણી પીણી બજાર પાસે પણ શહેરીજનો જોવા મળી રહ્યા છે. બગીચામાં મોટાઓ પણ બાળકો સાથે નાની મોટી ગેમ રમતા દેખાઈ રહ્યા છે. જાણે કે રોજ રાત્રે મીની પીકનીક જેવો માહોલ સર્જાય છે. બરફના ગોળા પણ અલગ અલગ ફલેવરમાં વેચાઈ રહ્યા છે. ખાણી પીણી બજાર પાસે પણ ભીડ જોવા મળી રહી છે. સાથે સાથે નાના મોટા રમકડાં પણ વેચાઈ રહ્યા છે. નાના-મોટા દરેક આ ગરમી સાથે લડીને વેકેશન માણી રહ્યા છે.

## શહેરમાં ૩ દિવસમાં હીટ સ્ટ્રોકના ૪૦ દર્દીઓ નોંધાયા

ગાંધીનગર, તા.૨૯

સમગ્ર રાજયમાં અંગ દઝાડતી ગરમી વરસી રહી છે. ગરમીનો પારો રોજ ઉંચે જઈ રહ્યો છે, આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. ગરમીની અસર શહેરનું જનજીવન પણ પ્રભાવિત થઈ ગયું છે. બપોર થતા નગરના માર્ગો સુમસામ બની જવા પામે છે. સમગ્ર રાજયમાં ગરમીનું મોજુ ફરી વળ્યું છે તેવો સમયમાં નાગરીકોના શરીર પર તેની સીધી અસર જોવા મળે છે. શહેરમાં અતિશય ગરમી તેમજ ગરમ પવનના સુસવાટા વચ્ચે નાગરીકોની હાલત કફોડી બની જાય છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ દિવસમાં હીટ સ્ટ્રોકના ૪૦ જેટલા કેસ સામે આવ્યા છે. ત્યારે ગરમીને પગલે લુ લાગવાના કિસ્સાની સાથે સાથે ઝાડા-ઉલ્ટીના દર્દીઓ, ડીહ્રાઈડ્રેશન સહિતના કિસ્સા પણ જોવા મળી રહ્યા છે.

રાજયમાં સતત પડી રહેલી ગરમીને પગલે હીટ સ્ટ્રોકના દર્દીઓ સામે આવી રહ્યા છે. ગરમીને પગલે હીટ સ્ટ્રોક થવાથી નાગરીકોને માથુ દુખવું, ચક્કર આવવા, ઝાડા-ઉલ્ટી થવી, થાક અનુભવવો, તાવ આવી જવો, બેભાન થઈ જવું સહિતની સમસ્યાઓ સતાવે છે. ત્યારે ગરમીમાં કામ સિવાય બહાર ન જવું અને માથાના ભાગે સીધો તડકો ના આવે તે માટે ડોકટર સલાહ આપે છે. જયારે નાગરીકોને હીટ સ્ટ્રોકથી બચવા માટે સતત પાણી પીવું અને શહેરમાં મળતો બિન આરોગ્યપ્રદ ખોરાક હાલની સ્થિતિએ ન ખાવા માટે પણ જણાવ્યું છે. જયારે હીટ સ્ટ્રોકના કેસમાં તાત્કાલીક નજીકના આરોગ્ય કેન્દ્ર કે ડોકટરની સલાહ લેવી અનિવાર્ય છે.

## કેસર કેરી મહોત્સવમાં છૂટક કેરીના વેચાણની માંગ

ગાંધીનગર, તા.૨૯

કેરીની સિઝનમાં દરેક મોટા શહેર તથા તાલુકા જિલ્લા કક્ષાના નગરોમાં કેસરી કેરી મહોત્સવનું આયોજન થાય છે. જયાં હાનિકારક પાવડર વિના પકવેલી કેરીઓનું વેચાણ થાય છે. આ જગ્યાએ કેસર કેરીના બોકસ વેચાય છે જેનો ભાવ ૭૦૦ રૂ. થી લઈ ૧૪૦૦ રૂ. સુધીનો હોય છે. ગરીબ કે મધ્યમ વર્ગ આ બોકસને ખરીદવા સક્ષમ નથી અને આ સિવાયની દરેક જગ્યાએ મળતી છૂટક કેરીઓ અકુદરતી પકવેલી હોવાથી તેઓ આ મહોત્સવમાંથી જ એક વિશ્વાસ સાથે કેરી ખરીદવાનું પસંદ કરે છે. પરંતુ વેપારીઓ છૂટક કેરી ન આપતા હોવાથી અને બોકસ ખરીદવાના પૂરતા પૈસા ન હોવાના લીધે આ વર્ગ નિરાશ અને અપમાનિત અનુભવે છે. ઘણીવાર તો આવા ચાર કે પાંચ માણસો ભેગા થઈ એક બોકસ લઈ કેરીનો ભાગ પાડતા દેખાય છે. આ વર્ગ દ્વારા મિનિમમ બે કે ત્રણ કિલો કેરી વેપારી દ્વારા છૂટક વહેંચાય અથવા તો નાના કેરીના બોકસ બનાવીને વેચાય તો આ વર્ગ ખરીદી શકે તેવી માંગ ઉઠવા પામી છે.

## પીડીપીયુ રાયસણ પાસે ગુડાના રહીશોનો પાણીનો પોકાર

### છેલ્લા ત્રણ દિવસથી ડહોળુ પાણી આવતા રહીશો ત્રાહીમામ




ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ પીડીપીયુ પાસેના મકાનોમાં છેલ્લા ત્રણ દિવસથી ડહોળુ પાણી આવી રહ્યુ છે. જેને પગલે નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. પાણી પીવા કે વપરાશ લાયક ન હોવાથી રહીશોની હાલત કફોડી બની જવા પામી છે. જયારે વસવાટ કરતા નાગરીકો પીવા માટે મીનરલ પાણી મંગાવવાની ફરજ પડી છે. ત્યારે ટુંક સમયમાં આ પાણીનો પ્રશ્ન ઉકેલાય તેની વસાહતીઓ રાહ જોઈ રહ્યા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ પીડીપીયુ પાસે એલઆઈજીના આવાસ બનાવવામાં આવ્યા છે. આ આવાસમાં નાગરીકો મોટીસંખ્યામાં વસવાટ કરે છે. ગુડા દ્વારા દરમાસે યોગ્ય મરામત થાય છે. પાણી, સિક્યુરીટી સહિતની માળખાગત સેવાઓ પુરી પાડવામાં આવી છે. ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગુડાના મકાનમાં પાણીના પોંકાર ઉઠ્યા છે. ત્રણ દિવસથી ડહોળુ પાણી આવતા નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. પાણી ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. આ અંગે ગુડાના તંત્ર સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે પાણીના સ્તર નીચે ગયા હોવાથી પાણી ખેંચાઈને આવતુ હોવાથી પાણી સાથે રેતી આવે છે જેથી પાણી ડહોળુ આવે છે. બે દિવસ ઓબઝર્વેશન કરે છે, ત્યારબાદ નવી પાઈપલાઈન નાંખવામાં આવે તેવું વિચારણા હેઠળ છે. ટુંકમાં ગુડા તંત્ર સતત નાગરીકોની સમસ્યાને લઈ ચિંતિત છે. બે દિવસમાં પાણીની સમસ્યાનો હલ આવી જશે તેમ લાગી રહ્યું છે. નાગરીકોને પાણીનો પુરતો પુરવઠો પણ મળી રહેશે.

## @ગાંધીનગર

● સિનિયર સિટીઝન કાઉન્સિલની માસિક સભા સે-૭-સી સ્થિત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી ખાતે સાંજે ૫ વાગે યોજાશે.

## આજે જુસિકાની નવી એસી એમ્બ્યુલન્સનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની જાણીતી સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વધુ એક નવી વાતાનુકુલિત (એસી) એમ્બ્યુલન્સ વસાવવામાં આવી છે. નવી એમ્બ્યુલન્સને કારણે શહેરીજનોને લોકસેવાના કાર્યમાં વધુ સારી સુવિધા પ્રાપ્ત થઈ શકશે. નવી એમ્બ્યુલન્સનું આવતીકાલે તા. ૩૦ એપ્રિલ મંગળવારે સાંજે ૬.૩૦ કલાકે સેકટર-૪માં શનિ મંદિર ખાતે લોકાર્પણ વિધિ યોજાશે.

## આજે પુષ્ટિમાર્ગના પ્રણેતા આચાર્ય વલ્લભાચાર્યજીની ૫૪૨મી જન્મજયંતિ

ગાંધીનગર, તા.૨૯

૧૧ વર્ષની ઉંમરે પ્રથમ વખત દક્ષિણમાં વિજયનગરની ધર્મસભામાં શાસ્ત્રાર્થ કરીને વિશેષતા પ્રાપ્ત કરી શુધ્ધ બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગની સ્થાપના કરનાર વલ્લભાચાર્યજીની આજે ૫૪૨મી જન્મજયંતિ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો દ્વારા



ઉજવવામાં આવશે. વલ્લભાચાર્યજી પ્રથમ ભારતીય સમાજવાદી હતી. તેઓ ધર્મ રક્ષતિ રક્ષિતઃ માં માનતા હતા. તેમણે નાતજાતના બંધન તોડયા હતા. તેમણે 'હરિકો ભજે સો હરિકો કોઈ'ના નાતે સર્વેને પોતાના સંપ્રદાયમાં સ્થાન આપ્યું હતું

વલ્લભાચાર્યજીની જન્મજયંતિ પ્રસંગે સે-૨૧ સ્થિત હવેલી ખાતે સવારે ૧૧.૩૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન રાજભોગ તિલક દર્શન યોજાશે તથા દરેક વૈષ્ણવોને તુલસી કયારે ૫ દીવા કરી તોરણ બાંધી આ દિવસની ઉજવણી કરવા જણાવાયું છે.

## ગુજરાત સ્ટેટ જુનિયર સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપ યોજાઈ




સોફ્ટ ટેનિસ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા અમદાવાદના ખોખરા ખાતના એસએજી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે ગુજરાત સ્ટેટ જુનિયર સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપનું આયોજન કરાયું હતું જેમાં અન્ડર-૧૮ સિંગલ્સ કેટેગરીમાં બૉયઝ વિભાગમાં અનિકેત પટેલ વિનર, રાજવીર અમલિયાર રનર્સઅપ તથા હંસલ શાહ અને હાર્દિક સિંહ વાઘેલા તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા જયારે ગર્લ્સ વિભાગમાં યેશા ઉમરેલિયા વિનર, હની દતવાણી રનર્સ અપ તથા વિપ્રા ધારિયાલ અને મીરા રાણા તૃતીય સ્થાને વિજેતા રહ્યા હતા.



ગાંધીનગર સિવિલ કેમ્પસમાં શોપીંગ સેન્ટરના પાછળના ભાગે કચરાનો ઢગ ખડકાયો છે. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દરેક વિભાગ દ્વારા સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવામાં આવે છે ત્યારે આ કચરાના ઢગલાની ફોટો જોઈ સ્વસ્છતા માત્ર કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે.

## સે-૧૩માં રમાતી જીપીએલ ક્રિકેટ ટૂર્નામેન્ટનું સમાપન

### બ્રાહ્મિણ બૉયઝ ચેમ્પિયન અને રેડ ડેવિલ્સ રનર્સ અપ બની




ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સેકટર-૧૩માં ચાલી રહેલ રાત્રિ ક્રિકેટ ટૂર્નામેન્ટ જીપીએલનું સમાપન થયું છે અને આ વર્ષે જીપીએલમાં બ્રાહ્મિણ બૉયઝ ટીમ ચેમ્પિયન અને રેડ ડેવિલ્સ ટીમ રનર્સ અપ બની છે. સમગ્ર ટૂર્નામેન્ટમાં બેસ્ટ બેટસમેન તરીકે ભાવેશ દરજી તથા બેસ્ટ બૉલર તરીકે ગોવિંદ પટેલને જાહેર કરવામાં આવ્યા હતા.

રવિવારે રાત્રે યોજાયેલી પહેલી સેમિફાઈનલમાં બ્રાહ્મિણ બૉયઝ ટીમે પબ્જી ઈલેવનને ૭ વિકેટે પરાજય આપી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો જયારે બીજી સેમી ફાઈનલમાં રેડ ડેવિલ્સે ગણેશ ઈલેવનને ૩૩ રને પરાજય આપ્યો હતો. ફાઈનલમાં ટકરાયેલી બ્રાહ્મિણ બૉયઝ અને રેડ ડેવિલ્સ વચ્ચે ભારે રોમાંચક મુકાબલો થયો હતો. જેમાં બ્રાહ્મિણ બૉયઝનો ૮ રને વિજય થયો હતો. આ સાથે જીપીએલના આયોજકો દ્વારા વિજેતા તથા રનર્સ અપ ટીમ ઉપરાંત બેસ્ટ બેટસમેન અને બેસ્ટ બૉલર વગેરેને ટ્રોફી આપી સન્માનવામાં આવ્યા હતા. સમાપને આયોજકો દ્વારા નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. સમગ્ર ટૂર્નામેન્ટના આયોજન માટે મયુર ચાવડા, હિરવ વોરા સહિત સમગ્ર ગણેશ યુવક મંડળે જહેમત ઉઠાવી હતી.

## પેથાપુર સ્વામિનારાયણ મંદિરે ૧૫મો પંચ દશાબ્દી વાર્ષિક પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૯

ભગવાન સ્વામિનારાયણ દ્વારા નિર્મિત અને ભગવાન સ્વયં જ્યાં રોકાયા હતા તેવા અતિ મહત્વના પ્રસાદીરૂપ સ્વામિનારાયણ મંદિર પેથાપુરનો ૧૫મો પંચ દશાબ્દી વાર્ષિક પાટોત્સવ આગામી ૨૦મી મે-૨૦૧૯ને સોમવારના રોજ યોજાશે. કાલુપુર સ્વામિનારાયણ મંદિરના ભાવી આચાર્ય મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ ૧૫મી મે-૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન આપશે જેનો સત્સંગી બંધુઓને લાભ લેવા પેથાપુર સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી દ્વારા જણાવાયું છે.

પેથાપુર સ્વામિનારાયણ મંદિરના મહંત ધર્મ પ્રવર્તક દાસજી (ગુરૂસ્વામી) તથા પૂજારી સ્વામી ઘનશ્યામ દાસજી તથા શાસ્ત્રી સ્વામી પરોપકાર દાસજી અને ગામના સત્સંગી હરિભક્તો દ્વારા આ સમગ્ર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉત્સવની વધુ વિગતો આપતા મહંત ગુરૂ સ્વામીએ ઉમેર્યું હતું કે, આ પંચ દશાબ્દી વાર્ષિક પાટોત્સવની ઉજવણી ૧૫ દિવસ સુધી કરાશે. જેમાં વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. જેમાં દરરોજ એક કલાક સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, પ્રભાત ફેરી, મહાપૂજા, સભા, પંદરસો દંડવત, પંદરસો પ્રદક્ષિણા, પંદરસો જનમંગલ નામાવલિ, વચનામૃત પાઠનું પઠન પણ કરવામાં આવશે. તેમજ હરિભક્તોના ઘરે-ઘરે ઠાકોરજીની તથા સંતોની પધરામણી, પેથાપુરથી અમદાવાદ શ્રી નરનારાયણ દેવના દર્શન માટે પદયાત્રા, ગામના ભૂદેવોને બ્રહ્મભોજન તથા હોમાત્મક યજ્ઞ ભૂદેવો દ્વારા યોજવામાં આવશે.

● પંદર દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન.
● દરરોજ એક કલાક સ્વામિનારાયણ મહામંત્રધૂન, પ્રભાતફેરી, મહાપૂજા, વચનામૃત પાઠનું પઠન, સ્વચ્છતા અભિયાન, વ્યસન મુક્તિ અભિયાન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે.
● પેથાપુરથી અમદાવાદ શ્રી નરનારાયણ દેવના દર્શન માટે પદયાત્રા યોજાશે.
● કાલુપુર મંદિરના ભાવિ આચાર્ય મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ ૧૫મી મે એ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત સામાજિક કાર્યક્રમોમાં મંદિર ખાતે તજજ્ઞ ડૉકટરશ્રીઓ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ, વ્યસનમુક્તિ માટેની જન જાગૃતિ કાર્યક્રમો તથા સ્વચ્છતા સંદર્ભે લોકોમાં જાગૃતિ આવે તે આશયથી સ્વચ્છતા અભિયાન થકી ગામ સફાઈ પણ કરવામાં આવશે.

મહંત સ્વામીશ્રીએ પંદર દિવસ ચાલનારા આ ઉજવણી સમારોહમાં યોજાનાર આ કાર્યક્રમોમાં નગરજનો, સત્સંગીઓને બહુધા પ્રમાણમાં લાભ લેવા પણ અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, આ પ્રસંગે સમગ્ર ધર્મકુળ પેથાપુર ખાતે પધારી દેવ-દર્શન, અભિષેક દર્શન, સંત દર્શન, અન્નકુટ દર્શનનો પણ સત્સંગી જનોને લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. પ્રભાવતીબેન પ્રતાપભાઈ દંતાણી, ઉ.વ. ૫૬